554

**નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાની હિસાબી અધિકારી વર્ગ–૧ની જગ્યા ચાલુ રાખવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ–સશપ/૧૫૦૩/૩૯૭(૦૬) અ**
સચિવાલય ગાંધીનગર.
તારીખઃ–૨૦–૪–૨૦૦૬

**વંચાણે લીધાઃ** (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૩/૦૬ નો ઠરાવ ક્રમાંકઃ–સશપ/૧૫૦૬/૭૧/અ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૦/૪/૦૬ નો પત્રક્રમાંકઃ– વિજાક/મકમ/૨૦૦૬–૦૭/૬૪૪

ઠ રા વ.

આમુખમાં ક્રમાંક(૧)માં જણાવેલ આ વિભાગના તા.૨૨/૩/૦૬ના ઠરાવથી નિયામક,વિકસતી જાતિ કલ્યાણ ખાતાની હિસાબી અધિકારી વર્ગ–૧ની જગ્યા તા.૩૧/૩/૦૬ સુધી ચાલુ રાખવામાં આવી હતી. જ્યારે હિસાબી અધિકારી વર્ગ–૨ ની જગ્યા તા.૨૮/૨/૦૭ સુધી ચાલુ રાખવામાં આવી હતી.

આમુખમાં ક્રમાંક.(૨)માં જણાવેલ નિયામકશ્રી,(વિ.જા.ક)ના તા.૧૦/૪/૦૬ ના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ ખાતાની હિસાબી અધિકારી વર્ગ–૧ની જગ્યા ચાલુ રાખવા અને તેના બદલે હિસાબી અધિકારી વર્ગ–૨ની જગ્યા રદ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાની આ દરખાસ્ત અંગે પુખ્ય વિચારણા કર્યા બાદ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની હિસાબી અધિકારી વર્ગ–૧ની જગ્યા ચાલુ રાખવા અને હિસાબી અધિકારી વર્ગ–૨ની જગ્યા રદ કરવાનું ઠરાવવામાં આવે છે. જે મુજબ આમુખમાં ક્રમાંક(૧)માં જણાવેલ વિભાગના તા.૨૨/૩/૦૬ ઠરાવથી હિસાબી અધિકારી વર્ગ–૧ની જગ્યા તા.૩૧/૩/૦૬ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી તે જગ્યા હવે તા.૧/૪/૦૬થી તા.૨૮/૨/૦૭ સુધી ચાલુ રાખવામાં આવે છે જ્યારે હિસાબી અધિકારી વર્ગ–૨ની જગ્યા તા.૩૦/૪/૨૦૦૬ (કચેરી સમય બાદ)થી અમલમાં આવે તે રીતે રદ કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સંબંધિત જગ્યા જે સદર હેઠળ મંજુર કરવામાં આવેલ હોય તે સદર હેઠળ ૨૦૦૬–૦૭ના નાણાંકીય વર્ષ માટે મંજુર કરેલ અનુદાનમાથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૯/૪/૦૬ની નોંધ અને નાણા સલાહકારશ્રીની તા.૨૦/૪/૦૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(ડી.પી. પરમાર)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
- પે એન્ડ એકાઉન્ટસ ઓફીસરશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજય અમદાવાદ / ગાંધીનગર.
- 'ઘ' શાખા નાણાં વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય. ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોકનં. ૧૬ ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.

RAJ-3-5-6